# ગાંધીનગરની દીકરી નૃપાક્ષી આખરે પોલેન્ડ પહોંચી

**પોલેન્ડ સ્થિત ભારતીય એમ્બેસીની મદદથી પોલેન્ડ પહોંચેલી નૃપાક્ષીએ હાલમાં હોટલમાં આશરો લેતા તેના પરિવારજનોને હાશકારો થયો**

ગાંધીનગર, તા.૨૮

છેલ્લા ૭૪ કલાકથી યુક્રેન-પોલેન્ડ સહરદે ભારે હાલાકીમાંથી પસાર થનાર ગાંધીનગરની દીકરી નૃપાક્ષીને આજે સવારે પોલેન્ડ સરહદી અધિકૃત અધિકારીઓએ બોર્ડર ક્રોસ કરાવી દીધી હતી. હાલમાં તે પોલેન્ડ પહોંચી ગઈ છે અને હોટલમાં આશરો લેતા તેના પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો.



યુક્રેન-રશિયા વચ્ચે છેલ્લા કેટલાય દિવસોથી યુધ્ધ ચાલી રહ્યું છે. યુધ્ધના ભીષણ માહોલ વચ્ચે યુક્રેનમાં મેડીકલનો અભ્યાસ કરવા પહોંચેલા ભારતીય વિદ્યાર્થીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. યુક્રેનમાં એરસ્પેસ બંધ હોવાથી ભારતીય નાગરિકો-વિદ્યાર્થીઓને પોલેન્ડ-હંગેરી જેવા પાડોશી દેશોમાંથી પરત લાવવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. હજ્જારો વિદ્યાર્થીઓ હજુ પોલેન્ડ-યુક્રેન સરહદે ફસાયેલા છે. યુક્રેનમાં અભ્યાસ કરી રહેલી ગાંધીનગરની દીકરી નૃપાક્ષી છેલ્લા ૭૨ કલાકથી ખૂબ જ વિકટ પરિસ્થિતિ વચ્ચે સમય પસાર કરી રહી હતી. મદદ માટે અનેક વિનવણીઓ બાદ આખરે તે પોલેન્ડ પહોંચી ગઈ છે. પોલેન્ડ સ્થિત ભારતીય એમ્બેસીના અધિકારીઓ વિદ્યાર્થીઓને મદદ માટે આખરે પહોંચ્યા હતા. લગભગ સાડા ત્રણસો વિદ્યાર્થીઓને પોલેન્ડ રવાના કરાયા હતા. હેમખેમ પહોંચેલી નૃપાક્ષીએ ગાંધીનગર સમાચાર સાથેની ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું કે પોલેન્ડ-યુક્રેન બોર્ડર પર હજુ હજ્જારો ભારતીય વિદ્યાર્થીઓ ખુબ જ યાતનાભરી સ્થિતિમાં સમય પસાર કરી રહ્યા છે. ખાણી-પીણીની ચીજવસ્તુઓની અછત વચ્ચે અને ઠંડી વચ્ચે યુક્રેન આર્મી વિદ્યાર્થીઓને ખુબ જ પરેશાન કરી રહી છે. આર્મીવાળા વિદ્યાર્થીઓને અપશબ્દો બોલે છે અને માર પણ મારી રહ્યા છે. તેમને ખૂબ જ દયાજનક સ્થિતિમાં છોડી દેવાયા છે. આ વિદ્યાર્થીઓને ઝડપથી ત્યાંથી બહાર લાવવામાં આવે તેવી ભારત સરકારને મારી વિનંતી છે.

# લગ્ન સહિત તમામ સમારોહમાં હવે રાજ્યમાં સંખ્યાના કોઈ નિયંત્રણ નહિ

ગાંધીનગર, તા.૨૮

કોરોના સંક્રમણ ઘટતા રાજ્ય સરકારે નિયંત્રણોમાં વધુ છૂટછાટ જાહેર કરી છે. હવે લગ્ન સહિત રાજકીય, સામાજીક, ધાર્મિક કે કોઈપણ પ્રકારના જાહેર મેળવડાઓમાં સંખ્યાની કોઈ મર્યાદા નિયત નથી કરાઈ.

આજે ગાંધીનગર ખાતે મળેલી કોર કમિટીની બેઠકમાં ભારત સરકારની ગાઈડલાઈન મુજબ ૩૧મી માર્ચ સુધી માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સીંગ, જાહેરમાં થુંકવા પર પ્રતિબંધ અને સેનેટાઈઝેશનનો વારંવાર હાથ ધોવામાં ઉપયોગ કરવાના નિયમો યથાવત રખાયા છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં એવો પણ નિર્ણય કરાયો છે કે, બંધ જગ્યાએ રખાયેલ સમારોહ માટે યોગ્ય વેન્ટીલેશનની વ્યવસ્થા ફરજીયાત રાખવાની રહેશે.

આ ઉપરાંત સરકારી કચેરીઓમાં ૨જી માર્ચથી કોવીડ વેક્સિનેશનના પ્રમાણપત્ર સાથે પ્રવેશ મળી શકશે. વેક્સિનેશનનું પ્રમાણપત્ર બતાવવું આવશ્યક રહેશે નહિ. સ્વપ્રમાણિત પ્રમાણપત્ર રજૂ કરી શકાશે.

# રાજ્યમાં ગરમી વધશે પણ પવનના સુસવાટાઓ રાહત જરૂર આપશે

ગાંધીનગર, તા.૨૮

આજથી શરૂ થઈ રહેલા માર્ચ મહિનાના પ્રથમ સપ્તાહથી જ ગરમીનો પારો ધીમી ગતિએ ઉંચકાશે.

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના હવામાન શાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ વિષયક સલાહ બુલેટીનના અંક નં. ૯૬માં જિલ્લાનું હવામાન પૂર્વાનુમાન વ્યક્ત કર્યું છે.

૧લી માર્ચથી ૫મ૫ માર્ચ સુધીના પાંચ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૧૮ થી ૨૦ ડિગ્રી રહેવાની સંભાવના આ બુલેટીનમાં વ્યક્ત કરાઈ છે.

હવામાં ભેજનું પ્રમાણ ૧૫ થી ૩૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૧ થી ૧૪ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

વિતેલા સપ્તાહમાં પવનની ગતિનું જે પૂર્વાનુમાન હતું તેમાં આ વખતે વધારો જણાવાયો છે. ગરમીનો આરંભ થશે પણ પવનના સુસવાટાઓથી થોડીક રાહત રહરેશે. તેમ હવામાનના જાણકારો કહી રહ્યા છે. ઉનાળુ વાવેતરની તૈયારી કરવા માટે ખેડૂતોને આ બુલેટીનમાં સલાહ આપવામાં આવી છે.



ઉનાળાનું આગમન - ઉનાળાના આરંભ સાથે જ અબોલ પક્ષીઓ માટે પીવાના પાણીના કુંડા ઠેર-ઠેર મુકાવા લાગ્યા છે... પક્ષી પ્રેમીઓ અને જીવદયા પ્રેમીઓ વ્યાપક રીતે પક્ષીઓ માટે વિશિષ્ટ કુંડા બનાવી અને વિતરણ કરે છે... સાથો સાથે એનો યોગ્ય અને સમયસર ઉપયોગ થાય એ પણ સામાજીક જવાબદારી છે...

# શહેર-જિલ્લામાં કોરોનાના નવા ૬ કેસ

**ગાંધીનગર શહેરમાં ૪ અને ગાંધીનગર ગ્રામ્યમાં ૨ કેસ**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેર - જિલ્લામાં કોરોનાના આજે વધુ ૬ કેસ નોંધાયા છે. શહેરમાં ૪ અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨ કેસ નોંધાયા છે.

આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેર જિલ્લામાં કોરોના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને રિકવરી રેટ ૯૪ ટકાએ પહોંચ્યો હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યું છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે કેસ ગાંધીનગર તાલુકાના સાદરા અને માધવગઢ ગામે નોંધાયા છે. આ બંને પુરુષ દર્દીએ હોમ આઈસોલેશનનો નિર્ણય સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૫૦૦થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે. વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્મતારમાં ૩૮ જેટલા દર્દીઓ હાલ એક્ટિવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૪ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસમાં બે મહિલા અને બે પુરુષ દર્દીનો સમાવેશ થાય છે. શહેરમાં આજે નોંધાયેલા આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં રાયસણમાં બે કેસ તેમજ સરગાસણ અને કુડાસણમાં એક-એક કેસ નોંધાયેલ છે.

શહેરમાં આજે ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્જાર્ચ આપવામાં આવેલ છે. શહેરમાં હવે એક્ટિવ કેસો ૬૮ છે જે હાલ સારવાર હેઠળ છે. હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓ દ્વારા નિયમની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સૂચનાઓ આપવામાં આવી છે.

# સ્થાયી સમિતિએ બે મુદ્દા મુલત્વી રાખ્યા

**ત્રણ કલાક સુદી સમિતિની બેઠક ચાલી : એક જ વિસ્તારમાં કામોને લઈ સભ્યોમાં ધીમો ગણગણાટ પણ દેખાયો**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠક આજે ત્રણ કલાક જેટલો સમય ચાલી હતી જે મનપાનો અત્યાર સુધીનો આ રેકર્ડ છે.

આજે સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલની અધ્યક્ષતામાં સમિતિની બેઠક મળી હતી. આજની આ બેઠકમાં ૨૦ જેટલા મુદ્દાઓ મંજૂર કરવામાં આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ટી.પી.-૭માં એલ.આઈ.સી.ની કચેરી માટે જમીન ફાળવણીનો નિર્ણય હાલ પૂરતો મુલત્વી રાખવામાં આવ્યો છે અને આ બાબતે સત્તા તેમજ ભાવ સહિતની બાબતોની ચકાસણી કરી કમિશનરને પુનઃ દરખાસ્ત કરવા માટે સૂચવવામાં આવ્યું છે. આ ઉપરાંત મનપાના નવા મહેકમ અંગેના અહેવાલ પરની ચર્ચાનો મુદ્દો પણ મુલત્વી રાખવામાં આવ્યો છે. સ્થાયી સમિતિની બેઠકમાં ૧૨ જેટલા ગામોમાં પાણીના બોરવેલ બનાવવા માટે પાણી પુરવઠા બોર્ડને જણાવવામાં આવ્યું છે. ઉનાળો હજુ શરૂ થયો નથી અને ગ્રામ્ય વિસ્તારમાં પાણીના પોકાર શરૂ થયા છે. સ્થાયી સમિતિએ રૂ. ૮૪ કરોડના કામો મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ જયંતિ યોજના અંતર્ગત હાથ ધરવા માટેની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી છે. સ્થાયી સમિતિની આજની બેઠકમાં એક જ વિસ્તારમાં કામો શરૂ કરવાના અભિગમને લઈ થોડો ગણગણાટ થયો હોવાનું જાણવા મળેલ છે.

સ્થાયી સમિતિની બેઠકમાં આજે સભ્યોએ શહેરના અન્ય વિસ્તારોમાં પણ કામો હાથ ધરવામાં આવે તેવી માંગણી વ્યક્ત કરી હતી. બેઠકમાં સભ્યોએ આજે ચર્ચામાં રસ ભારે દાખવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે ડ્રેનેજ કનેક્શન અને પાણી કનેક્શન આપવાની નીતિ પર આજે ચર્ચાઓ થઈ હતી અને મનપાના નવા સમાવિષ્ટ વિસ્તારોમાં હાલ પાણી અને ગટર વેરો સ્થગિત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ આ બાબતને સામાન્ય સભામાં રજૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

# ન્યુ ગાંધીનગરમાં પાણી ગટર લાઈન બિછાવવા માટે ૨૫ કરોડ ખર્ચાશે

**નર્મદાના પાણી પહોંચાડવા ૨૦ કીલોમીટર તેમજ ગટરના દુષિત પાણીના નિકાલ માટે ૧૮ કીમીની નવી લાઇન નાંખવામાં આવશે**

ગાંધીનગર તા ૨૮

ન્યુ ગાંધીનગરમાં વિકાસના અનેકવિધ કામો સાથે માળખાગત સુવિધાની કામગીરી માટે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યુ છે. ગુડા દ્વારા સરગાસણ, ઉવારસદ અને વાવોલ વિસ્તારમાં નર્મદાના પાણી માટે ૨૦ કી મી ના વિસ્તારમાં નવી લાઈન નાંખવામાં આવશે આ ઉપરાંત ૧૮ કી મી માં ગટર લાઈનનુ કામ હાથ ધરાશે આ માટે બજેટમાં રૂ ૨૫ કરોડના ખર્ચની જોગવાઈ પણ કરવામાં આવી છે.

નવા ગાંધીનગરમાં વિકાસના અનેકવિધ કામો સાથે માળખાગત સુવિધાને અનુલક્ષીને પણ ઝડપથી કામો પુર્ણ થાય તે માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. ન્યુ ગાંધીનગરમાં વધતી વસતી સાથે વિકાસ પણ તેજ ગતિએ થઈ રહ્યો છે. ત્યારે વસતીના વધતા ધોરણ મુજબ પાણી ગટર લાઈન સહીતની માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા મટે પણ ગુડા દ્વારા કામગીરીનુ આયોજન કરી દેવાયુ છે. ગુડા વિસ્તારના સરગાસણ, ઉવારસદ અને વાવોલ વિસ્તારમાં નર્મદાનુ પાણી પહોંચતુ કરવા માટે તેમજ દુષિત પાણીના નિકાલની વ્યવસ્થા માટે બજેટમાં રૂ ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જયારે આ દીશામાં કામગીરી પુર્ણ કરવા માટે તંત્રએ આયોજન પણ શરૂ કરી દીધુ છે. જે અન્વયે પાણીની લાઈનના નેટવર્કને અનુલક્ષી ૨૦ કીમી તેમજ ગટર લાઈનના કામ માટે ૧૮ કીમીના વિસ્તારમાં લાઈન નાંખવામાં આવશે. આ યોજના પાછળ અંદાજિત રૂ ૨૫ કરોડનો ખર્ચ કરાશે. જેમાં સરગાસણ, વાવોલ અને ઉવારસદ વિસ્તારમાં પાણી પહોંચતુ કરવા માટે ફિલ્ટર પ્લાન્ટ , સમ્પ, કે ઉંચી ટાંકી અથવા ભુર્ગભ ટાંકી સહીતનુ બાંધકામ કરવાની જરૂરિયાત ઉભી થશે નહીં.જયારે આ માટે ટીપી સ્કીમ નં-૯ માં ઉભા કરવામાં આવેલા તમામ નેટવર્કનો ઉપયોગ કરાશે. જો કે નવી લાઈન બિછાવવા માટે કામ હાથ ધરાશે. જયારે દુષિત પાણીનો નિકાલ પણ ટીપી નં -૯ અને ટીપી ૧૩ વાવોલની મેઈન ટ્રંક લાઈનમાં જોડાણ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. મળતી માહીતી અનુસાર ટીપી ૨૬ સરગાસણ અને ટીપી ૯ ઉવારસદ તેમજ જોડાયેલા વાવોલ હાઈવેની આસપાસના વિકાસ પ્લાન અન્વયેના વિસ્તારમાં પીવાના પાણી તેમજ દુષિત પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા માટે પણ આયોજન કરવા માટે સંબંધિત શાખાના અધિકારીઓને જણાંવાયુ છે. આ મામલે યોગ્ય રીપોર્ટ તૈયાર કરાયા બાદ અંદાજો રજુ કરાયા હતા જેને અનુલક્ષી ખર્ચની પણ બજેટમં જોગવાઈ કરવામાં આવી છે.



ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નેતાઓનું એક પ્રતિનિધિ મંડળ આજે રાજયના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતને મળ્યું હતું અને એક આવેદનપત્ર આપ્યું હતું. આ પ્રતિનિધિ મંડળે વિવિધ પ્રશ્નોને લઈ રજુઆત કરી હતી. વિપક્ષના નેતા સુખરામભાઈ રાઠવા, ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ અને ધારાસભ્યો આ પ્રતિનિધિ મંડળમાં હતા.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૧૭ કેસ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત રાજ્યમાં કોરોનાનો ગ્રાફ સતત ઘટી રહ્યો છે. રાજ્યમાં આજે ૧૧૭ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૩૪૪ દર્દીઓ સાજા થઈ રહ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૦૯,૮૭૮ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૯૬ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ કોરોના રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજના દિવસમાં રસીના કુલ ૩૧,૦૨૧ ડોઝ અપાયા હતા.

એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૮૨૦ એક્ટિવ કેસ છે. જે પૈકી ૨૨ નાગરિકો વેન્ટીલેટર પર છે. જ્યારે ૧૭૯૮ નાગરિકો સ્ટેબલ છે. ૧૨,૦૯,૮૭૮ ડીસ્ચાર્જ થઈ ચુક્યા છે.

# શહેરમાં સરકારી આવાસોમાં પેટાભાડુઆત મામલે ૧૭ને નોટીસ

**અગાઉ અનઅધિકૃત કબજા હેઠળ હોય તેવા ૧૭ મકાનો પણ ખાલી કરાવાયા : હજુ પણ ૧૩૮ કેસમાં કાર્યવાહી ચાલી રહી છે : મકાનો અનઅધિકૃત કબજાની ચુંગાલમાંથી છુટતા તંત્રના ચોપડે મોટી થતી પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળશે**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક રહ્યા નથી જેના લીધે કર્મચારીઓને આવાસ ફાળવવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં શહેરમાં નિવૃતિ અને બદલીના કિસ્સા બાદ પણ આવાસો ખાલી ન થયા હોવાનુ સામે આવી રહ્યુ છે. આવા અત્યાર સુધી ૧૫૫ કીસ્સા પૈકી ૧૭ મકાનો તંત્રએ ખાલી કરાવી દીધા છે. અન્ય કેસ ઈવિકશન કોર્ટમાં કાર્યવાહી હેઠળ છે. જયારે પેટા ભાડુઆતોના પણ ૧૭ કિસ્સામાં નોટીસ આપવામાં આવી છે.

ગાંધીનગરમાં રહેણાંકને લાયક સરકારી આવાસો ઉપલબ્ધ નથી. અલબત્ત હાલ સેકટરોમાં હયાત સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. જેના લીધે કર્મચારીઓને આવાસ ફાળવવાની પ્રક્રીયા પણ મંદ પડી ગઈ છે. બીજીતરફ નવા આવાસોના નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે. પરંતુ હજુ નવી ટાવર કોલોની તૈયાર થતા સમય લાગશે ત્યારે રહેણાંકને લાયક આવાસો પૈકી ઘણાં ખરા અન અધિકૃત કબજા હેઠળના છે. આ આવાસોને અનઅધિકૃત કબજામાંથી મુકત કરાવવા માટે અગાઉ તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જેના અંતે આ મકાનો ખાલી કરાવવા માટે પણ સમયાંતરે કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જયારે આ મામલે તંત્રએ કાર્યવાહી હાથ ધરી ઘણાં કીસ્સામાં કોર્ટ કેસ પણ દાખલ કર્યા છે. અગાઉ આ મુજબ અન અધિકૃત કબજા હેઠળના હોય તેવા ૧૫૫ કિસ્સા સામે આવ્યા હતા જયારે સમય જતા તંત્ર દ્વારા આ મકાનો ખાલી કરાવવા સહીતની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી છેલ્લા કેટલાક સમયમાં જ તંત્રની કામગીરીના અંતે ૧૭ મકાનોને આ પ્રકારના કબજામાંથી મુકત કરાવાયા છે. અલબત્ત ૧૭ મકાનો ખાલી કરાવી દેવાયા છે. જયારે આ મામલે હાલ પણ ૧૩૮ કેસમાં કાર્યવાહી ચાલી રહી છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી ઘણાં મકાનો નિવૃતિ અને અવસાનના કિસ્સા બાદ પણ ખાલી કરાયા ન હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે આ મામલે આવાસ ખાલી ન કરાતા તંત્રએ હારી થાકીને ઈવિકશન કોર્ટમાં કેસ દાખલ કર્યા છે. જે અંગેની કાર્યવાહી ચાલી રહી છે. જુલાઈ વર્ષ ૨૦૨૦ દરમિયાન તંત્રએ સેકટરોના વિવિધ કેટેગરીના આવાસોમાં આકસ્મિક તપાસ હાથ ધરતા પેટાભાડુઆતોનો વસવાટ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ અભિયાનના અંતે આ પ્રકારના ૭૦ કીસ્સાઓ સામે આવ્યા હતા. જયારે ઈવિકશન કોર્ટે પેટાભાડુઆતોના પણ ૧૭ કીસ્સામાં નોટીસ આપી છે. શહેરમાં રહેણાંકને લાયક આવાસો નથી ત્યારે અનઅધિકૃત કબજા હેઠળના મકાનો ખાલી કરાવવા માટે તંત્ર હરકતમાં આવતા હવે આવાસના મામલે તંત્રના ચોપડે મોટી થતી પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળશે તેમ મનાઈ રહ્યુ છે.

# આમ આદમી પાર્ટીના જીલ્લા ઉપપ્રમુખ પદેથી અશ્વિનભાઈ પટેલનું રાજીનામુ

ગાંધીનગર, તા.૨૮

આમ આદમી પાર્ટીના જીલ્લા ઉપપ્રમુખ અશ્વિનભાઈ પટેલે રાજીનામુ આપી દેતાં આમ આદમી પાર્ટીને વધુ એક રાજકીય ફટકો વાગ્યો છે.

અશ્વિનભાઈ પટેલે હોદ્દા ઉપરથી રાજીનામુ આપતો પત્ર જિલ્લા પ્રમુખને પાઠવી દીધો છે. જોકે તેમના નિકટવર્તી સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે તેઓ અન્ય કોઈ રાજકીય પક્ષમાં જોડાવાના નથી.

રાજીનામાના પત્રમાં સંગઠન માટે જરૂરી સમય ફાળવી શકવો શક્ય ન હોવાથી રાજીનામુ આપ્યું હોવાનું તેમણે જણાવ્યું છે.

અશ્વિનભાઈ પટેલે સોજા બેઠકના પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય હતા તેમજ સહકારી ક્ષેત્રે પણ સક્રિય હતા અને જિલ્લા ખરીદ વેચાણ સંઘના ડિરેક્ટર પદે પણ રહી ચુક્યા છે. તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા તે પૂર્વે જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી પદે હતા.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com